

# મોડાસા નગરપાલિકાની નવનિર્મિત ભૂગર્ભ ગટરો માટી-કચરાથી ઉભરાઈ


### કલ્યાણથી ચાર રસ્તા સુધી ચાલતી ગટર પૂર્ણતાની આરે સેફટી ટેન્કમાં માટીના થર જામ્યા

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે કરોડો રૂપિયાના ખર્ચે માલપુર રોડ પર કલ્યાણ સોસાયટીથી ચાર રસ્તા સુધી ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ પૂર્ણ થવાની તૈયારીમાં છે અને સેફટી ટેન્ક પણ લાગવાનું કામકાજ પુર જોશમાં ચાલી રહ્યું છે. ત્યારે ગટરની પાઈપલાઈન અને સેફટી ટેન્કમાં માટી અને કચરા સહીત પાણી ભરાતા ચોકઅપ થઈ જવાની નોબત પેદા થતા કરોડો રૂપિયા ખર્ચવા છતાં ચોમાસામાં વરસાદી પાણી બેક મારવાની ભીતિ વચ્ચે નગરપાલિકા વહીવટીતંત્ર દ્વારા કમિટી બનાવી ભૂગર્ભ ગટરની કામગીરી પૂર્ણ થયા પછી ગટરનું કમીટી દ્વારા ચકાસણી કરવામાં આવે અને કમીટી યોગ્ય અભિપ્રાય આપે તોજ નગરપાલિકાએ કોન્ટ્રાક્ટર પાસેથી હેન્ડઓવર (કબ્જો) લેવામાં આવેતેવું જાગૃત નગરજનોમાં પ્રબળ માંગ ઉઠી છે.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી રહેણાંક સોસાયટીમાં સામાન્ય વરસાદમાં પણ પાણી ભરાઈ જતા પ્રજાજનોને ભારે હાલાકી ભોગવવી પડતી હોવાથી વરસાદી પાણીના કાયમી નિકાલ માટે નગરપાલિકા તંત્ર દ્વારા ભૂગર્ભ ગટર યોજના હેઠળ કરોડો રૂપિયાના ખર્ચે કલ્યાણ ચોકથી મોડાસા ચાર રસ્તા સુધી ભૂગર્ભ ગટરનું છેલ્લા કેટલાય મહિનાથી હાથ ધરવામાં આવ્યા બાદ હાલ કામ પૂર્ણ થવાની તૈયારીમાં છે. અને ગટર લાઈન પર બનાવેલી સેફટી ટેન્કના ઢાંકણ બંધ કરવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે ત્યારે ભૂગર્ભ ગટરનું કામકાજ કરનાર કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી દાખવવામાં આવતી હોય તેમ સેફટી ટેન્ક અને ગટરની પાઈપલાઈનમાં નિર્માણ સમયે જામેલા માટીના થર અને કચરો જે તે સ્થિતિમાં રાખી કામકાજ પૂર્ણ કરવાની ઉતાવળ દાખવતા નગરજનોમાં ભારે આશ્ચર્ય સાથે રોષ ફેલાયો છે અને નગરપાલિકા તંત્ર અને જવાબદાર અધિકારી દ્વારા નવીન ભૂગર્ભ ગટર યોજનામાં યોગ્ય ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ કોન્ટ્રાક્ટર પાસેથી હેન્ડઓવર (કબ્જો) મેળવવા શહેરીજનોમાં માંગ ઉગ્ર બની છે.

મોડાસા ના જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ પામી રહેલ ગટર યોજનામાં સેફટી ટેન્કો અને ગટર પાઈપલાઈનની યોગ્ય સાફસફાઈ કર્યા વગર પૂર્ણ કેરી દિવસે તો ગટરોમાં ચોકઅપના પગલે પ્રથમ વરસાદમાંજ પાણી બેક મારવાની સાથે નગરજનોની સમસ્યા ઠેર ને ઠેર રહેશે અને ગટર યોજનાની કરોડો રૂપિયાની ગ્રાન્ટ બરબાદ જવાની સંભાવના વ્યક્ત કરી હતી.



# થરાદની ખોરડા કોલેજ પાસે બસ ઉભી ન રહેતા વિદ્યાર્થીઓ પરેશાન

### વિદ્યાર્થીઓનું ટોળું એસટી ડેપોમાં રજુઆત કરવા ધસી આવ્યું

થરાદ, તા. ૩૦

થરાદ ડીસા રોડ ઉપર આવેલા એપી ત્રિવેદી કોલેજનું



સ્ટોપેજ હોવા છતાં પણ થરાદથી આવતી તથા થરાદ તરફ જતી એસટી બસો નહી ઉભી રાખવાના કારણે ગ્રામીણ વિસ્તારોમાંથી થરાદ શહેરમાં અભ્યાસ અર્થે અપડાઉન કરતા વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડી રહી છે. આ અંગે રોષ વ્યક્ત કરતા વિદ્યાર્થીઓ જણાવ્યું હતું કે પાસ કઢાવેલ છતા પણ બસને હાથ ધરવા છતાં બસના ચાલક કંડક્ટરો પોતાની મનમાની કરીને બસ થોભાવતા નથી.

સોમવારે ડીસા ડેપોની બસ ઉભી ન રહેતાં વિધાર્થીઓનું ટોળું થરાદ ડેપો મેનેજરને રજુઆત કરવા ધસી આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને જોઈને ઓવર સ્પીડમાં બસ હંકારી જાય છે એકદમ ખાલી હોવા છતાં પણ ઘણી વખત ઊભી રાખવામાં આવતી નથી. આથી બસ ચૂકી જવાના કારણે લેટ થવાથી શાળામાં પણ મોડુ થઈ જાય છે. જોકે ડેપો મેનેજરે આ અંગે વિધાર્થીઓની રજુઆત ડીસા ડેપોમાં મોકલવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

# બાયડ નગરપાલિકામાં ફરીથી ભાજપનો ભગવો લહેરાયો

બાયડ, તા. ૩૦

બાયડ નગરપાલિકામાં અંદાજે બે વર્ષ પહેલાં ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૧૩



બેઠકો સાથે સત્તાના સુકાન હસ્તગત કર્યું હતું. અને એનસીપીએ ૧૧ બેઠકો મેળવતા વિરોધપક્ષમાં બેસવાનો વારો આવ્યો હતો. પરંતુ થોડાક જ સમયમાં ભારતીય જનતા પાર્ટીના બે સભ્યોએ સત્તાભૂખમાં બળવો કરી એનસીપીના ટેકાથી સત્તા પ્રાપ્ત કરી હતી. જેના વિરોધમાં તત્કાલીન નગરપાલિકાના પ્રમુખ વરૂણભાઈ પટેલે પક્ષાંતરધારા હેઠળ અરજી કરતા નામોદિષ્ઠ અધિકારીએ નગરપાલિકાના બળવાખોર પ્રમુખ અરવિંદ પ્રજાપતિ અને ઉપપ્રમુખ જ્યોતિકાબેન પટેલને સસ્પેન્ડ કર્યા હતા. ત્યાર બાદ બંને પક્ષોના નગરપાલિકામાં ૧૧-૧૧ સભ્યો થતા બંને પક્ષોનું સંખ્યાબળ સરખું થયું હતું. ત્યારે કલેકટરના આદેશથી કાર્યકારી પ્રમુખ તરીકે સ્નેહલ પટેલની વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યકારી પ્રમુખની વરણી થયા બાદ ૨૫ દિવસના અંદર સામાન્ય સભા બોલાવવા માટે એજન્ડા બહાર પાડવા પડે. ત્યારે તા.૨૨-૧-૨૦૧૮ના રોજ નાયબ કલેકટર ધ્વારા સામાન્ય સભાના એજન્ડા બહાર પાડવામાં આવ્યા હતા. જે અનુસાર તા.૩૦-૧-૨૦૧૮ મંગળવારના રોજ સામાન્ય સભા સવારે ૧૧ કલાકે યોજાઈ હતી. તેમાં ભાજપ તરફથી પ્રમુખ માટે સ્નેહલ પટેલ અને ઉપપ્રમુખ માટે શાહીનબાનુ મલેકનો મેન્ડેટ આવ્યો હતો. જયારે એન.સી.પી. પક્ષમાંથી પ્રમુખ તરીકે ચીમનભાઈ પટેલ અને ઉપપ્રમુખ દિનકરભાઈ પટેલનું મેન્ડેટ આવ્યુ હતું. ત્યારે બંને પક્ષે ૧૧-૧૧ સભ્યો હોવાથી ટાઈ પડતા પાલિકા એક્ટની કલમ નંબર ૩૨ની પેટા કલમ ૪ મુજબ પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી માટે ચિઠ્ઠી ઉછાળીને ચુંટણી પ્રકિયા હાથ ધરવામાં આવી હતી. તેમાં પ્રમુખ તરીકે ભાજપના સ્નેહલ પટેલ અને ઉપપ્રમુખ તરીકે ભાજપના શાહીનબાનું મલેકનું ચિઠ્ઠીમાંથી નામ નીકળતા ભાજપના કાર્યકર્તામાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

# મોડાસા ઉમિયામાતા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા માટે ઊંઝાથી લવાયેલ જ્યોતનું સામૈયુ

મોડાસા, તા. ૩૦

મોડાસા શહેરના મેઘરજ રોડ પર ભવ્યાતિભવ્ય ઉમિયા માતાજીના મંદિરનું નિર્માણ કરી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયી રહ્યો છે. ત્યારે મોડાસા શહેરના ઉમિયા પરિવારના ૨૦૦થી વધુ માઈભક્તો ઉંઝામાં આવેલા ઉમિયા માતાજીના મંદિરેથી અખંડ જ્યોત સાથે દીપ જ્યોતિ પદયાત્રા સાથે રથમાં મોડાસા શહેરના આંગણે આવી પહોંચતા અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં વસવાટ કરતા કચ્છ કડવા પાટીદારો અને ઉમિયા પરિવાર દ્વારા ડીપ વિસ્તારમાં મહિલાઓ અને બાળકીઓ અને માઈભક્તો કળશ, શ્રીફળ, રથ અને બેન્ડવાજા સાથે માતાજીની આરતી, આરાધના અને ગરબા સાથે ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતુ.

# પ્રાંતિજના વૃદાવન પાર્ક સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ વૃદાવન પાર્ક સોસાયટીમાં બંધ મકાનમાં રાત્રીના સમયે તસ્કરો દ્વારા મકાનમાં પ્રવેશ કરી ૧,૪૧,૯૨૦ની મત્તાની ચોરી કરી પલાયન થતાં મકાન માલિક દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ એકસપરીમેન્ટલ હાઈસ્કુલ રોડ પાસે આવેલ વૃદાવન પાર્ક સોસાયટીમાં રાત્રીના સમયે મકાન માલિક અશોકભાઈ ચીમનભાઈ પરમાર પોતાના પરિવાર સાથે બહારગામ ગયા હતાં તે સમયે તા.૨૭-૧૨૦૧૮ થી તા.૩૦-૧-૨૦૧૮ સુધીમાં રાત્રીનાં કોઈ પણ સમયે ઘરના દરવાજાનો નકુચો તોડી મકાનમાં મુખ્ય દરવાજાથી અંદર પ્રવેશ કરી ઘરમા રહેલ સામાન વેર વિખેર કરી ટીવી સોકેશના ડ્રોઅરો ખોલી તિજોરી ખોલી તેમજ સંસ્થાની કેશની પેટી ખોલી નાખી તેમાંથી રોકડ રકમ રૂપિયા-૧,૦૯,૧૨૦ તથા સોના ચાંદીના દાગીના ૩૨,૮૦૦ મળી કુલ- ૧,૪૧,૯૨૦ની મત્તાની ચોરી કરી કોઈ ચોર ઈસમો લઈ જતા મકાન માલિક અશોકભાઈ ચીમનભાઈ પરમાર દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે જઈ તપાસ બાદ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



# સ્વામિનારાયણ મંદિર, કડીનો ૯૯મો પાટોત્સવ ભારે દબદભાપૂર્વક ઉજવાયો

શ્રીસ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, કડીનો ૯૯મો પાટોત્સવ આરતી, પૂજન, અન્નકુટ તેમજ પંચામૃત અભિષેકથી ભારે દબદબાપૂર્વક ઉજવાયો. પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે મનુષ્યે જીવનમાંથી ક્રોધ, ઈર્ષા, કપટ, માનને તિલાંજલી આપવી જોઈએ. સત્સંગ કરતા ગર્વ, માન, અહંકાર આવવો જોઈએ નહિ. સત્સંગ સંસ્કારથી જળવાઈ રહે છે. મનુષ્યે માવા, મસાલા, ગુટખા, કેફી પદાર્થ વગેરે વ્યસનો સદંતર ત્યાગ કરવો. વ્યસન અને ફેશન મનુષ્ય જીવનમાં બરબાદી નોતરે છે. બે દિવસીય મહોત્સવમાં ઘણી મોટી સંખ્યામાં માનવ સમુહ ઉપસ્થિત રહ્યો હતો.

# શ્યામનગરમાં વિશ્વકર્મા જયંતિ તથા રાંદલ ઉત્સવની ઉજવણી કરાઈ

ખેડબ્રહ્મા, તા. ૩૦

વડાલી સત્તાવીસ સુથાર સમાજ ખેડબ્રહ્મા દ્વારા શ્યામનગર સ્થિત વિશ્વકર્મા મંદિર પરિસરમાં વિશ્વકર્મા જયંતિ તથા રાંદલ માતાના લોટા તેડવાનો ઉત્સવની ઉજવણી ધામધુમથી કરવામાં આવી હતી, જેમાં ૨૧ કુંડી વિશ્વકર્મા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં શંકરલાલ માધવલાલ સુથાર, અશ્વિનભાઈ મગનલાલ સુથાર, પ્રકાશભાઈ ધુલાભાઈ સુથાર, જયંતીભાઈ નારણદાસ સુથાર સહિત ૨૧ યજમાનોએ પૂજા આરતી તથા હવનનો લાભ લીધો હતો. ભગવતી રાંદલના યજમાન તરીકે હિનાબેન અશ્વિનકુમાર સુથાર અને જિજ્ઞાસા જતીનકુમાર સુથારે ધર્મલાભ લીધો હતો. મહાપ્રસાદના



દાતા તરીકે વિમળાબેન શંકરલાલ પરિવારે રૂ. ૫૧૦૦૦નું દાન આપી ધર્મલાભ લીધો હતો. વિશ્વકર્મા મંદિર તથા ચામુંડા માતાજીના મંદિરના દરવાજા ઝાડવા માટે દિનેશભાઈ જોઈતાભાઈ સુથાર પરિવાર ન્યૂ રાણીપ તરફથી રૂ. ૨ લાખનું દાન આપવામાં આવ્યું હતું .

# પુંધરા ખાતે બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો

### ૧૭ નવદંપતિઓએ બેટી વધાવવાના શપથ સાથે પ્રભુતામાં પગલાં પાડ્યા

પ્રાંતિજ, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પુંધરા ખાતે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણસમાજનો ૨૭મો સમુહ લગ્નોત્સવ સમારોહ અને સમુહ ઉપનયન સંસ્કારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૫ બટુકોએ જનોઈ ધારણ કરી હતી. આ સમુહ લગ્નોત્સવ અને યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમના ભોજનના દાંતા પુંધરા નિવાસી વિનુભાઈ છોટાલાલ રાવલ તથા પુધરા નિવાસી માજી પ્રમુખ કનુભાઈ નાનાલાલ રાવલને સમાજ દ્વારા ગૌરવ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે શ્રી બાવીસ ગામ



ઉપનયન સંસ્કાર સમારોહ યોજાયો હતો. જેમાં ૧૭ નવ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતાં અને ૭૫ બટુકોએ જનોઈ ધારણ કરી હતી.

માણસા તાલુકાના પુંધરા ખાતે તા.૨૮-૧-૧૮ને રવિવારના રોજ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા આયોજિત જ્ઞાતિ વિવાહ ૨૭મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં સમુહ લગ્નોત્સવમાં ૧૭ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડવા સાથે દીકરીનો ગર્ભપાત નહી કરાવવાનાં શપથ લીધાં હતા. આ ઉપરાંત સમુહ યજ્ઞોપવિત સ્વ. ડાહ્યાભાઈ રૂધનાથજી રાવલ પરિવાર ભાલચંદ્રભાઈ, કુષ્ણકાન્તભાઈ, ભરતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. મંડપના દાંતાશ્રી હધરા રાવલ પરિવાર પુંધરા દ્વારા કરવામા આવ્યુ હતું અને સમગ્ર સમુહ લગ્નોત્સવનો ખર્ચ પુંધરા ગામનાં દાતાઓ તથા સમસ્ત પુંધરા ખાતે રહેતાં રાવલ સમાજના ભાઈઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજનાં દાંતાઓનુ પણ સમાજ દ્વારા ફુલહાર શાલ ઓઢીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજ ગૌરવ પુરસ્કારથી સમાજના ભીષ્મ પિતા તરીકે ઓળખાતા ભાન્દુ નિવાસી તપોધન બ્રાહ્મણ સમાજના પ્રમુખ સંજયભાઈ એમ. રાવલ, શિવશક્તિ સેવા મંડળ મુંબઈના ચેરમેન સુરેશભાઈ રાવલ, મંત્રી હિતેન્દ્રભાઈ રાવલ, વાઈસ ચેરમેન ગુણવંતભાઈ તેમજ શિવશક્તિ મંડળના ટ્રસ્ટીઓ કો. ટ્રસ્ટીઓ અને બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પદાધિકારીઓ અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને અગાઉની જેમ ૨૭મો સમુહ લગ્નોત્સવ સફળ રહ્યો હતો અને રાવલ સમાજના પંદર હજારથી પણ વધુ લોકો સમુહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા.




# ભિલોડા તાલુકામાં પોલિયો રસીકરણ કાર્યક્રમ યોજાયો

ભિલોડા તાલુકામાં પોલિયો રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા પી.એચ.સી.સેન્ટર ધ્વારા નારસોલી ખાતે ધારાસભ્ય ડાૅ.અનિલભાઈ જોષીયારા, બી.એચ.ઓ. ડાૅ.એ.જે.વૈષ્ણવ, ડાૅ.એ.કે.ચૌધરી સહિત ગ્રામજનોની ઉપસ્થિતીમાં ઉદ્ઘાટન કરાયું હતું. ભિલોડા તાલુકાના અંદાજીત ૨૫,૦૦૦ થી વધુ બાળકોને પોલિયોની રસી પીવડાવી હતી. પલ્સ પોલિયો જાગૃતિ અભિયાન અંતર્ગત પોલિયો રસીકરણનો કાર્યક્રમ ઠેર-ઠેર યોજાયો હતો. ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી હતી.આરોગ્ય વિભાગના અધિકારીઓ, સુપરવાઈઝરો, આંગણવાડીની બહેનો, આશા વર્કરોએ ભારે જહેમત ઉઠાવી હતી. ભિલોડા તાલુકામાં દો બુંદ જીદંગી કે લિયે પોલિયો રસીકરણ ઝુંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગના અધિકારીઓએ ડોર ટુ ડોર સંપર્ક સાધી બાળકોને પોલીયોની રસી પીવડાવી પોલિયો સામે સુરક્ષીત કરાયા હતા.

# મોડાસાના મહાદેવગ્રામ ગાંધી સ્મારકે પુષ્પાંજલિ અર્પણઊ

અરવલ્લી જિલ્લામાં ૩૦ જાન્યુઆરી મંગળવારે ગાંધી નિર્વાણ દિને મોડાસાના ઐતિહાસિક મહાદેવગ્રામના ગાંધી સ્મારકે પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે પુષ્પો અર્પણ કરી પૂજ્ય મહાત્મા ગાંધીજીને સ્મરણાંજલિ અર્પી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્યા કમળાબેન તેમજ જિલ્લા અનુ.જાતિ મોરચાના પ્રમુખ દિનેશભાઈ અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા અને ગાંધીજીના જીવન કવન અને વિચારોને વાગોળ્યા હતા.

